



## માલપુરના કાસવાડામાં ગંદકીથી રોગચાળાની દહેશત

અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના કાસવાડા ગામે વરસાદી પાણી ભરાતા અને પાણીના યોગ્ય નિકાલના અભાવે ઠેર ઠેર ગંદકીના થર જામતા ગ્રામજનોમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો ફેલાતા ગામ લોકો બીમારીમાં સપડાયા છે. શાળામાં જવાના માર્ગ પર પાણી ભરાતા શાળાએ જતા ૫૦ થી વધુ વિદ્યાર્થિઓએ કાદવ-કીચડમાંથી પસાર થવું પડતું હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉગ્ર રોષ ફેલાયો છે. માલપુરના કાસવાડા ગામે સ્વચ્છતા અભિયાનના લીરે લિરા ઉડાડતી ઘટના જોવા મળતા લોકોમાં ઉગ્ર રોષ ફેલાયો હતો. ગ્રામજનોએ ગંદકી જવાબદાર તંત્ર દ્વારા દૂર નહિ થાય તો લોકસભાની ચૂંટણીની બહિષ્કારની ચીમકી ઉચ્ચારી હતી. ગામમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાનો વાવર ફાટી નીકળવાનો ભય ગ્રામજનોના માથે મંડરાય રહ્યો છે. ગામના કેટલાક લોકો બીમારીમાં સપડાતા મોંઘીદાટ સારવાર લેવાનો વારો આવ્યો છે. શાળાએ જવાના માર્ગ પર પાણી, કાદવ-કીચડમાંથી અભ્યાસ કરવા જતા ૫૦થી વધુ વિદ્યાર્થીઓમાં ચામડીનો રોગમાં સપડાવાનો ભય વાલીઓ બતાવી રહ્યા હતા. ગામમાંથી કાદવ-કીચડ અને ગંદકી જવાબદાર તંત્ર દ્વારા દૂર કરવાની ઉગ્ર માંગ કરી હતી.

# પાલનપુરમાં કલેકટર કચેરીના સરકારી સિક્કા કચરાના હવાલે

### વિવિધ વિભાગના ૫૦ જેટલા સરકારી સિક્કા કચરામાં ફેંકી દેવાયા : જિલ્લા કલેકટરે આપ્યા તપાસના આદેશ

પાલનપુર ખાતે કાર્યરત બનાસકાંઠા જિલ્લા કલેકટર કચેરીની ગંભીર બેદરકારી સામે આવી છે. કલેકટર કચેરીના અગત્યના ૫૦ જેટલા સરકારી સિક્કા કચરામાંથી મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. જોકે, અક્ષમ્ય બેદરકારી સામે આવતા જિલ્લા કલેકટર દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

પાલનપુર ખાતે જોરાવર પેલેસમાં કાર્યરત જિલ્લા કલેકટર કચેરીમાં અનેકવિધ કચેરીઓ કાર્યરત છે. જિલ્લાના મિની સચિવાલય તરીકે ઓળખાતા આ કેમ્પસમાં જિલ્લાભરમાંથી લોકો રજૂઆત, સરકારી કામ કાજ, દાખલ માટે આવતા હોય છે. જ્યાં મુખ્ય જિલ્લા કલેકટર કચેરીના પાછળના ભાગેથી અગત્યના કહી શકાય તેવા ૫૦ જેટલા સરકારી રબ્બર સ્ટેમ્પ (સિક્કા) કચરામાંથી મળી આવતાં ભારે ચકચાર મચી જવા પામી હતી. સિક્કા કચરામાં ફેંકી દેવાયા હોવાનો વિડીયો વાયરલ થતાં સમગ્ર મામલો બહાર આવ્યો હતો. જોકે, આ ઘટનાની જાણ થતા જિલ્લા કલેકટર સંદીપ સાંગલેએ તપાસના આદેશ આપી બેદરકારી દાખવનારાઓ સામે પગલાં ભરવાની ખાત્રી આપી હતી. બાદમાં સિક્કાઓનો દૂરપયોગ થાય તે પહેલા તાત્કાલિક આ સિક્કા કલેકટર કચેરીમાં પરત લાવવામાં આવ્યા હતા.



# પ્રાંતિજના સીતવાડાની યુવતીને રાત્રીના સમયે પોતાના જ ગામના યુવક દ્વારા અપહરણ

### મરજી વિરૂદ્ધ કૃત્ય કરતા પોલીસ ફરીયાદ : યુવતી દ્વારા ચાર વિરૂદ્ધ પોલીસ ફરીયાદ

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બોરીયા સીતવાડા ખાતે રાત્રીના સમયે યુવતીને પોતાના ઘરેથી મોઢું દબાવી આંખે પાટાબાધી લઈ જઈ યુવતી સાથે તેની મરજી વિરૂધ્ધ દસ દિવસ સુધી મરજી વિરૂધ્ધ કુત્ય આચરતા યુવતી દ્વારા પોલીસ ફરીયાદ થઈ હતી.

સીતવાડા ખાતે રાત્રીના સમયે પોતાના ઘરે આંગણામા સુઈ રહેલ યુવતીને રાત્રીનાં દોઢ કલાકે ગ્રામજનો યુવક રાકેશસિંહ વિષ્ણુસિંહ રાઠોડ તેના ઘરે આવી ફરીયાદી યુવતીનું મોઢું દબાવી આંખ ઉપર પટ્ટી બાંધી દઈ ખાટલામાંથી ઉંચી કરી મોટરસાયકલ ઉપર બેસાડી લઈ જઈ અપહરણ કરી અંજાર તાલુકાના વરસાણા ચોકડી પાસે આવેલ સિંગલ પ્લાયવુડ ઈન્ડસ્ટ્રીજ કંપનીમાં આવેલ કંપનીની રૂમ ઉપર લઈ જઈ રૂમમાં પુરી રાખી જાનથી મારી નાખવાની ધમકી આપી અન્ય આરોપી માધવસિંહ પ્રભાતસિંહ રાઠોડ, દિપકભાઈ, રામભાઈ મદદગીરીથી રાકેશસિંહ વિષ્ણુસિંહ રાઠોડ દ્વારા તા.૧૦-૬-૨૦૧૮થી તા.૧૯-૬-૨૦૧૮ સુધી રાત્રિના સમયે ફરીયાદી યુવતી સાથે તેની મરજી વિરૂદ્ધ બળજબરીપૂર્વક કૃત્ય કરી તેમજ ઘરે પરત આવ્યા બાદ ગઈકાલે તા. ૫-૭-૨૦૧૮ના રોજ રાકેશસિંહ વિષ્ણુસિંહ રાઠોડ ફરીયાદી યુવતીના ઘરે આવી ફરીથી ઉપાડી જવાની ધમકી આપતાં યુવતી દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં રાકેશસિંહ વિષ્ણુસિંહ રાઠોડ તથા અન્ય ત્રણ મદદગીરી કરનારા સામે પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ-૩૬૫, ૩૪૨, ૩૭૬, ૫૦૬ (૨), ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



## બ્રહ્મઅગ્રણી યગ્નેશભાઈ દવેના જન્મદિવસની અનોખી રીતે ઉજવણી

બ્રહ્મવિકાસ આયોગ ગુજરાતના કન્વીનર તેમજ સમસ્ત બ્રહ્મસમાજના મહામંત્રી, સામાજિક અગ્રણી યગ્નેશભાઈ દવેના જન્મદિવસ નિમિતે પરશુરામ દલ અરવલ્લી તેમજ હિન્દૂ યુવા વાહીનીના કાર્યકરો દ્વારા જરૂરતમંદ બાળકોને ફ્રુટ તેમજ બિસ્કિટ વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ બાળકોના ચહેરાના સ્મિત સાથે યગ્નેશભાઈના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે પ્રસંગે યુવા અધ્યક્ષ હર્ષ પંડયા, ગુંજ ગોર, ખીલન ઉપાધ્યાય, રાજનભાઈ તેમજ નરેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રભુ મહાદેવ પાસે યગ્નેશભાઈ દવેના સારા સ્વાસ્થ્ય માટેની પ્રાર્થના કરી હતી.



અમદાવાદ જિલ્લાના ધોળકાના લોથલ ગામે ભારત સરકાર દ્વારા વર્લ્ડ ક્લાસ મેરીટાઈમ યુનિવર્સિટી અને મેરીટાઈમ મ્યુઝિયમ બનાવવાની યોજના આકાર લઈ રહી છે. ત્યારે આ યોજના જલદીથી પૂર્ણ થાય અને ઝડપભેર તેની કાર્યવાહી આગળ વધે તે અંગે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ભારત સરકાર સમક્ષ રજુઆત કરી હતી.

# પાલનપુરની પ્રગતિ રેસિડન્સીમાં તસ્કરો ત્રાટકયા

પાલનપુરમાં થોડાક સમયથી શાંત તસ્કર ટોળકી પુનઃ સક્રિય થઈ છે. બે દિવસ અગાઉ તસ્કરોએ ગઠામણ દરવાજા નજીક આવેલી હેરકટીંગ સલૂનને નિશાન બનાવી હતી. જે બાદ ગતરાત્રે માધુપુરા-ગણેશપુરા રોડ નજીક આવેલી પ્રગતિ રેસીડન્સી ભાગ- એકમાં આવેલા રહેણાંક મકાનને નિશાન બનાવી હતી. જ્યાંથી રોકડ રકમ અને સોના – ચાંદીના દાગીના સહિત રૂપિયા ૯૭,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી નાસી ગયા હતા. આ અંગે નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે તસ્કરોનું પગેરૂ શોધવાના ચક્રો ગતિમાન કર્યા છે.

પાલનપુરમાં સક્રિય થયેલી તસ્કર ટોળકીએ બે દિવસ અગાઉ સંજય ચોકથી ગઠામણ દરવાજા માર્ગ નજીક પેટ્રોલપંપ પાસે આવેલી હેરકટીંગ સલુનને નિશાન બનાવી હતી. જે બાદ બુધવારે રાત્રે માધુપુરા- ગણેશપુરા રોડ નજીક આવેલી પ્રગતિ રેસીડન્સી ભાગ- એકમાં રહેતા રાધવદાસ રતનદાસ ગઢવી રહેણાંક મકાનને નિશાન બનાવ્યુ હતુ. જે મકાનનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. જ્યાંથી રોકડ રકમ અને સોના – ચાંદીના દાગીના સહિત રૂપિયા ૯૭,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી નાસી ગયા હતા. આ અંગે રાધવદાસે પૂર્વ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદના આધારે પોલીસે તસ્કરોનું પગેરૂ શોધવાના ચક્રો ગતિમાન કર્યા છે.



## વરથુ ગામે કેમેલીઓન કાચંડો દેખાતા પ્રજા જોવા ઉમટી

મોડાસા તાલુકાના વરથુ ગામ નજીક ડુંગર અને જંગલ વિસ્તાર હોવાથી વન્યપ્રાણીઓ સહીત અવનવા પક્ષીઓ અને જીવજંતુઓ જોવા મળતા હોય છે. વરથુ ગામે રહેણાંક વિસ્તારમાં વૃક્ષ પર કેમેલીઓન જોવા મળતા લોકોમાં કુતૂહલ સર્જાયું હતુ અને રંગ બદલાતા કાચંડાને જોવા ટોળું ઉમટ્યું હતું. ગામના સેન્ડી સરકાર નામના જીવદયાપ્રેમીએ લોકોને કેમેલીઓન હોવાનું જણાવી તેને યુક્તિપૂર્વક પકડી સલામત રીતે નજીકમાં રહેલા જંગલમાં છોડી મુક્યો હતો.

# મોડાસા કોલેજ કેમ્પસ સુધી એસ.ટી. વિદ્યાર્થી રાહત પાસ મળી શકશે, સફળ રજુઆત

સાકરીયા, તા. ૭

અરવલ્લી જિલ્લાના મોડાસા શિક્ષણ નગરી તરીકે પ્રખ્યાત છે તેમજ શિક્ષણ હબ બનેલ છે.

પરંતુ મોડાસા કોલેજ કેમ્પસ સુધી એસ.ટી. રાહત વિદ્યાર્થી પાસ મળી શકતો નહોતો. ડેપો સુધીજ મળતો હતો. પરંતુ આ અંગે ડૉ. જગદીશભાઈ પ્રજાપતિ અને સામાજિક કાર્યકર જયેશ કામરાજે એસ.ટી. સત્તાવાળાઓ સમક્ષ સચોટ અને સફળ રજુઆત કરતા એસ.ટી. તંત્રએ કોલેજ કેમ્પસ સુધી પાસ મળી શકશે પરિણામે હવે કોલેજ કેમ્પસથી મોડાસા ડેપો સુધી આવવા જવાની તકલીફો દૂર થશે. પોતાના ગામ વતનથી કોલેજ કેમ્પસ સુધી અપડાઉન કરી શકશે.

ઉપરોક્ત માહિતી ડેપો મેનેજર મોડાસા પ્રજાપતિ દ્વારા મળેલ છે. વિદ્યાર્થીઓને મોડા પહોંચવાનુ કે બસ ચુકી જવાનુ હવે ફરિયાદ થશે નહિ.

# અરવલ્લી જિલ્લામાં વરસાદથી બિયારણને જીવતદાન મળ્યું

### ધરતી પુત્રોના પડીકે બંધાયેલા જીવમાં જીવ આવ્યો

મોડાસા, તા. ૭

અરવલ્લી જીલ્લામાં વરસાદ ખેંચાતા આગોતરૂ વાવેતર કરનાર ખેડૂતોના મોંઘાદાટ બિયારણ અને મજૂરી ખર્ચ માથે પડવાનો ખતરો મંડરાયો હતો. વીતેલા સપ્તાહમાં જીલ્લામાં વરસાદી ઝાપટા અને ઝરમર વરસાદી માહોલથી બિયારણોને જીવતદાન મળ્યું હતું ચોમાસાની નિરાશાજનક શરૂઆત બાદ આસમાન પરથી વરસતા વરસાદને ધરતીપુત્રો પાણી નહિ અમૃત વરસાવતા હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે. જીલ્લામાં બે દિવસથી મેઘરાજાએ વિરામ લેતા ઉઘાડ નીકળતા ખેડૂતો ખેતી કામમાં જોતરાયા હતા.

અરવલ્લી જીલ્લામાં જૂન મહિનાના બીજા સપ્તાહમાં ચોમાસુ દસ્તક દેતું હોવાથી ખેડૂતો મેઘરાજાના આગમન સમયને ધ્યાને રાખી આગોતરું ખેતીનું આયોજન કરતા હોય છે પરંતુ મેઘરાજાએ રીસામણા કરતા મોંઘાદાટ બિયારણની વાવણી અને ખેડામણ અને વાવેતર કરવા માટે કરેલ ખર્ચ આકાશે સૂર્યદેવ તપતા બિયારણ બળી જવાનો ભય પેદા થતા ખેડૂતો ચિંતિત બન્યા હતા. પરંતુ છેલ્લા સપ્તાહથી જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં સાંબેલાધાર વરસાદી ઝાપટા અને ઝરમર ઝરમર મેઘમહેર થતા બિયારણને જીવતદાન મળતા ભૂમિપુત્રોની ચિંતા દૂર થતા આનંદ છવાયો હતો. ખેતરોમાં બિયારણના અંકુર ફૂટતા ખેડૂતો નિશ્ચિત બન્યા હતા.



# એચસીજી અમદાવાદ ખાતે ડોકટરોએ રોબોટિક ટેકનોલોજીનો જાત અનુભવ મેળવ્યો

અમદાવાદ, તા. ૭

કેન્સર કેર ક્ષેત્રે સ્પેશ્યાલિસ્ટ તરીકે જાણીતી એચસીજીએ આજે તબીબી સમુદાય માટે એક નવતર પ્રકારનો અનુભવ પૂરો પાડ્યો હતો. આ સમારંભ એચસીજી અમદાવાદ ખાતે યોજાયો હતો. જેનો ઉદ્દેશ ડોક્ટરોને રોબોટિક્સ ટેકનોલોજીની બારીકીઓ બહેતર રીતે સમજાવવાનો હતો.

એચસીજીની ટીમ દ્વારા તેમના સેન્ટરમાં રોવીંગ રોબોટની મુલાકાત લઈ દા વિન્સી સર્જીકલ સિસ્ટમની સરળતાનો અનુભવ કરવા માટે નિષ્ણાતોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ સિસ્ટમ ડ્યુઅલ કોન્સોલ કેપેબિલીટી કે જે મિનિમલી ઈનવેઝીવ સર્જીરીમાં ટ્રેનિંગ અને સહયોગના હેતુને સહકાર આપે છે. અને સુપિરિયર ક્લિનિકલ ક્ષમતા માટે હાઈ ડેફિનેશન, થ્રીડી વિઝન પુરૂ પાડે છે. આ ટેકનોલોજીકલી સાઉન્ડ સર્જીકલ સિસ્ટમ અતિ આધુનિક ૧૦ ગણુ મેગ્નીફિકેશન ધરાવતું ૩ડી એચડી વિઝ્યુઆલાઈઝેશન અને ઓપરેટીવ ફિલ્ડ માટે ઈમર્સીવ વ્યૂ તથા માનવ હાથ કરતાં વધુ બહેતર રીતે વિવિધ દિશાઓમાં કામ કરી શકે છે. તે નેચરલ આઈ અને હેન્ડ ઈન્સ્ટ્રુમેન્ટના એલાઈનમેન્ટ દ્વારા ઓપન સર્જરીનો અનુભવ પુરો પાડે છે. આમ છતાં એચસીજી કેન્સર સેન્ટર અમદાવાદ દા વિન્સી સર્જીકલ સિસ્ટમનુ એડવાન્સ વર્ઝન ધરાવે છે, જેના દ્વારા નિષ્ણાતોની અનુભવી ટીમે ૩૦૦થી વધુ રોબોટીક સર્જીરીઝ પાર પાડી છે.

આ પ્રસંગે વાત કરતાં એચસીજી કેન્સર સેન્ટર, અમદાવાદના ડિરેકટર અને જીઆઈઓની સર્જરી નિષ્ણાત ડૉ. જગદીશ કોઠારી જણાવે છે કે 'વિતેલા વર્ષોમાં કેન્સરના સર્જન દ્વારા કઈ રીતે સારવાર કરવી તે અંગે અનેક ઈનોવેશન થયા છે. સર્જરી હવે રોબોટીક સર્જરી જેવા વધુ ક્રાંતિકારી અભિગમ તરફ આગળ વધી રહી છે. જે દર્દીને સંખ્યાબંધ લાભ પુરો પાડે છે, જેમાં હોસ્પિટલમાં ઓછુ રોકાણ, ઓપરેશન પછીની ઓછી જટિલતા, ઓછામાં ઓછા કાપા અને ઝડપી રિકવરીનો સમાવેશ થાય છે.

# મહેસાણા જિલ્લામાં ખેલમહાકુંભ ૨૦૧૮ના આયોજન માટે બેઠક યોજાઈ

મહેસાણા જિલ્લામાં ખેલમહાકુંભ ૨૦૧૮ના આયોજન માટે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક જિલ્લા શિક્ષણાધિકારીના અધ્યક્ષસ્થાને સાર્વજનિક વિદ્યાસંકુલ ખાતે બેઠક યોજાઈ હતી. જેમાં અંડર ૧૪ અને ૧૭ની એથ્લેટીકસ, વોલીબોલ, કબડ્ડી, ખો-ખો, રસ્સા ખેંચ, ચેસ, યોગાસન, સ્વીમીંગ, સ્કેટીંગ, જુડો કુસ્તી, બેડમિન્ટન, આર્ચરી, બાસ્કેટબોસ, ટેબલટેનિસ, લોન ટેનિસ, હેન્ડબોલ, હોકી,ફુટબોલ, ટેકવોન્ડો, ફેન્સીંગ, બોક્સીંગ, કરાટે, રાયફલ, શુટીંગ, જીમ્નાસ્ટીક્સ, વેઈટ લીફ્ટીંગ, મલખમ, સહિતની વિવિધ સ્પર્ધાઓ માટે ખેલ મહાકુંભ ૨૦૧૮ યોજાનાર છે. મહેસાણા જિલ્લામાં ખેલમહાકુંભ ૨૦૧૮ના આયોજન માટે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. ખેલમહાકુંભમાં રાજ્યની સ્પર્ધામાંથી પસંદગી પામેલ ખેલાડીઓને શાળાકીય સ્પર્ધા તેમજ ખેલો ઈન્ડિયાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. અંડર ૧૯ના ખેલાડીઓએ તાલુકા કન્વીનર મંત્રીશ્રીઓને ૧૮ જુલાઈ સુધીમાં મોકલી આપવાના રહેશે. અન્ય રમતો ભાગ લેવા માગંતી શાળાઓએ તેમના પ્રવેશપત્રો જિલ્લા કક્ષા સ્પર્ધા તારીખથી સાત દિવસ અગાઉ જિલ્લા કક્ષા આયોજક સ્પર્ધા કન્વીનરશ્રીને મોકલી આપવા જણાવાયું છે.